Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૭ • તા.૦૭થી ૧૩ સપ્ટેમ્બર ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## વર્ષ ૨૦૧૩ના પર્યુષણમાં એકમના યોજાયેલ શ્રી કલ્પસુત્રના વરઘોડાઓની ઝલક

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ : અનંતનાથ જિનાલય

તસવીરો : ભરત ગિરીશ શાહ (મસ્જીદબંદર)















### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પારોલા








### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ

પોથીયાત્રા અને જાગરણ



# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘનો ૯૦મો વાર્ષિકોત્સવ





(ડાબેથી) શ્રી શાંતિલાલ શિયાળ, દિપ પ્રગટાવતા શ્રી કિરીટ લાપસીયા, શ્રી કલ્પેશ મોતા અને શ્રી હીરાલાલ ડાઘા



પધારેલા મહાનુભવો



કુ. પુજા લોડાયા અને કુ.તેજલ ધરોડ પ્રસ્તુત નૃત્ય



કંઠના કામણ પાથરતા ગાયકો



(ડાબે) અતિથી વિશેષ શ્રી ભાવિન સોનીનું બહુમાન કરતા ઉર્મિન લોડાયા
(જમણે) બહુમાન સ્વીકારતા શ્રી અમિત મોમાયા



મુખ્ય દાતાશ્રી જૈન સોનીનું સન્માન કરતા પ્રમુખ અનુજ લોડાયા



નગરસેવક પ્રવિણ છેડાનું સન્માન



શ્રી સમીર અને શ્રી શામજી દંડનું સન્માન



મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા વિદ્યાર્થી સંઘની ટીમ સાથે



શ્રી પુનશી લોડાયા અને શ્રી શ્રેણીક મોમાયાનું બહુમાન



શ્રી શીવજીભાઇનું સન્માન કરતા સાંસદ શ્રી સંજય દિના પાટીલ



શ્રી ચીમન મોતાનું સન્માન



ઉત્તમ છેડા અને વિદ્યાર્થી સંઘના કલાકારો



કાર્યક્રમની સફળતાનો આનંદ લેતી વિદ્યાર્થી સંઘની ટીમ





(ઉપર) કાર્યક્રમનું આનંદ લેતા મહાનુભાવો અને પધારેલા મહેમાનો
(જમણે) વિદ્યાર્થી સંઘના આગેવાનો અને કાર્યકર્તાઓ

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 37/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કંઇ નહીં તો સ્વાર્થ માટે ક્ષમાપના ભાવ કેળવીએ !

ક્ષમાપનાભાવ એક રીતે જૈનધર્મનો સાર છે પણ આપણા બાહ્ય તત્વને જ રાખી ગર્ભતત્વને છોડી દેવાના આ ચાલાકીભર્યા વલણને કારણે એ સૌથી મોટી, સૌથી વધુ દંભભરી ઔપચારિકતા બની ગયો છે.

મહાવીર સ્વભાવની સચ્ચાઇને ધર્મ કહે છે. એ રીતે જીવવું એટલે સરળથી સરળ રીતે જીવવું એટલે સરળથી સરળ રીતે જીવવું. જો એ રીતે જીવીએ તો કાંતો ક્ષમાપનાભાવની જરૂર જ ન રહે અથવા તો ક્ષમાપનાભાવ જ આપોઆપ આપણી જીવનશૈલીનું સૌથી અલગ તરી આવતું વલણ બની જાય.

પણ આપણે તો આપણા જીવનને અહંકાર કેન્દ્રી બનાવ્યું છે. અહંકારને પોષવા આપણે સત્યને છોડી અસત્યને અપનાવવા સરળતાને છોડી કપટ અપનાવવા સુધીના બધા પ્રપંચો કરવા પડે છે. જેની આડપેદાશ છે આપણા બહારી સંબંધોમાં જ નહીં આપણા તથાકથિત વ્યક્તિત્વ અને આપણા અંતરતલ વચ્ચે પણ તાણ.

આ તાણ આપણી ક્ષમાપનાને કોરો દંભ બનાવી દે છે. જેને પરિણામે તે તેના મુખ્ય ધ્યેય શારીરિક-માનસિક આધ્યાત્મિક રીતે હળવા બનવાથી હજારો કિલોમીટર દૂર ચાલી ગઇ છે.

પરિસ્થિતિ એવી છે કે આ દંભે અસત્યે અને કપટે ચારમાંથી ત્રણ માણસને માનસિક રીતે એવા બિમાર બનાવી દીધા છે કે તેઓ મનોદૈહિક રોગના શિકાર બની ગયા છે. મનથી શરૂ થયેલો રોગ જ્યારે શરીર સુધી પહોંચી જાય અને ફરી મન પર પ્રભાવ પાડે ત્યારે એવી સ્થિતિ ઊભી થાય કે ખબર જ ન પડે કે પહેલાં મન બિમાર થયું હતું કે શરીર ?

આ વિષચક્રનો તોડવાનો એકમાત્ર ઇલાજ ક્ષમાપનાભાવનો ઔપચારિકતાથી કાંઇક વધુ બનાવવાનો છે. એક એવા પ્રકારનું ગણિતશાસ્ત્ર (લોજીક) પેદા કરવાનો છે જે આપણી બાહ્ય ક્ષમાપનાને પણ વધુને ગહન આંતરિક ક્ષમાપના બનાવે અને સાર્થક કરે.

બીજા શબ્દોમાં કહીએ તો આપણે એક એવા વિષચક્રમાં સપડાઇ ગયા છીએ કે ધર્મ માટે નહીં પણ આપણા સ્વાર્થ માટે, શારીરિક, માનસિક રીતે સાજા થવા માટે ક્ષમાપના ભાવ કેળવવો જરૂરી બની જાય.

આ પર્યુષણ નિમિત્તે કમસેકમ આ સત્યનો સ્વીકાર કરવાની કિંમત દાખવશું તો થોડી વધુ હિંમત આવશે અને આ પર્યૂષણ વખતે નહીં તો આવનારા વર્ષોના કોઇ પર્યુષણ વખતે આગળ જણાવેલું વિષચક્ર તૂટશે અને ક્ષમાપનાનું ગતિશાસ્ત્ર (લોજીક) આપણી શારીરિક, માનસિક આધ્યાત્મિક હસ્તિને ઘેરી વળશે.

આ પર્યુષણે 'મિચ્છા મિ દુક્કડમ્' કહેતાં તેનું બીજ વાવીએ. અજાણતા પણ વાવેલું આવું બીજ આપણને આવતા કાલે જાણતા ક્ષમાપનાભાવ કેળવવા તરફ દોરી જાય એવી શાસનદેવને પ્રાર્થના કરીએ.

**સાંવત્સરિક ક્ષમાપના પર્વ પ્રસંગે સૌને અંત:કરણના મિચ્છા મિ દુક્કડમ્....**

**- 'પ્રકાશ-સમીક્ષા' પરિવાર**

# પ્રતિક્રમણ શા માટે ?

-પૂ.મુનિરાજશ્રી મોક્ષરતિવિજયજી મ.સા

(ગતાંકથી ચાલુ....)

સંવત્સરી પ્રતિક્રમણથી વર્ષભરના સર્વ પાપોનો ક્ષય થઇ જાય છે. એવું શાસ્ત્રવચન છે ! પાપમુક્તિ અને આત્મશુદ્ધિનો ભાવ હૃદયમાં લઇને શ્રદ્ધાપૂર્વક, વિધિપૂર્વક જો આ આરાધના કરવામાં આવે, તો ઉપરોક્ત શાસ્ત્રવચનનો અનુભવ આજે પણ શક્ય છે. હા, ફક્ત ત્રણ કલાકમાં ત્રણસો સાઠ દિવસના સર્વ પાપોનો ક્ષય!

### પ્રતિક્રમણ : શી રીતે ?

સફળ પ્રતિક્રમણ માટે ભાવ અને ક્રિયા બંને શુદ્ધ જોઇએ. શુદ્ધ ભાવ એટલે પાપમુક્તિ, આત્મશુદ્ધિ અને મોક્ષ પ્રાપ્તિના લક્ષ્યપૂર્વક દેવ-ગુરુ- પ્રત્યે અહોભાવ ! પરમાત્મા પ્રત્યે અહોભાવ પ્રગટાવવા માટે પ્રતિક્રમણની પહેલાં હૃદયમાં આવી સંવેદના જગાવવી જોઇએ કે, ભગવંત ! પતિતને પાવન, પાપીને પવિત્ર, નિર્ગુણીને સદ્‌ગુણી, અજ્ઞાનીને જ્ઞાની, દુઃખીને સુખી, સંસારીને સિદ્ધ અને પામરને પરમેશ્વર બનાવનારો ધર્મ બતાવીને આપે આ જગત પર અનુપમ ઉપકાર ર્ક્યો છે. આ જ ધર્મ મારે મન શરણ આધાર છે.

લાઇટ્સ અને કેમેરાની સામે આવતાં પહેલાં જેમ અભિનેતાએ (૧) સંવાદો યાદ કરી લેવા પડે છે. (૨) પોતાની ભૂમિકા સમજી લેવી પડે છે અને (૩) ભૂમિકાને અનુરૂપ હાવભાવ બરાબર શીખી લેવા પડે છે, એમ અહીં પ્રતિક્રમણના આરાધકે (૧) સૂત્રોના સ્પષ્ટ ઉચ્ચાર (૨) સૂત્રોમાં શુદ્ધ અર્થ અને (૩) સૂત્રોને અનુરૂપ વિવિધ મુદ્રાઓ શીખી લેવી પડે છે. ક્રિયાશુદ્ધિ માટે આ જરૂરી છે. એવું નથી કે આ બધું જ્યાં સુધી આવડે નહીં, ત્યાં સુધી પ્રતિક્રમણ નિષ્ફળ જ જાય ! (૧) આ બધું શીખવાનો પ્રયાસ જારી રાખો અને (૨) ઉપર કહેલા ભાવોને આત્મામાં પ્રગટ કરો, તો પ્રતિક્રમણ તમને પાપમુક્તિ અને આત્મશુદ્ધિનો લાભ અને અનુભવ અવશ્ય આપશે.

પ્રતિક્રમણનો ઉદ્દેશ નહીં જાણવાથી કેટલાક લોકો પ્રતિક્રમણની પહેલાં બહાર ઊભા રહીને કે અંદર આવીને બસ વાતો જ ર્ક્યા કરતા હોય છે : જેમાં હોય છે સમાજ, સંસાર, રાજકારણ, ક્રિકેટ, ફિલ્મો, ટીવી સિરિયલો, સ્પોર્ટસ, ભોજન, હોટલો, હિલ સ્ટેશનો, અસત્ય, નિન્દા, મસ્તીમજાક. આથી તીવ્ર પાપ બંધાય, આના કરતાં તો ઘર કે ધર્મસ્થાનને કોઇ ખૂણે બેસીને આંખો બંધ કરીને દિલ ખોલીને શાંત ચિત્તે વર્ષભરના તમામ પાપોને બરાબર યાદ કરવામાં આવે તો પાપો તો ન બંધાય. પાપધિક્કાર અને પાપમુક્તિનો ભાવ જાગે, તો કદાચ પ્રતિક્રમણ જેવી સફળતા સંભવિત બને.

વંદિત્તુ સૂત્રની ‘‘પડિસિદ્ધાણં કરણે’’ આ ગાથામાં પાપોનાં ચાર સ્વરૂપો બતાવવામાં આવ્યા છે (૧) ભગવાને ‘‘નહીં કરવાં જેવાં’’ જણાવેલાં કામ કરવામાં આવે, જેમ કે પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ ૧૮ પાપસ્થાનક (૨) ભગવાને ‘‘કરવા જેવાં’’ બતાવેલાં કર્તવ્યોનું પાલન ન કરાય કે અશુદ્ધ કરાય, જેમ કે, જ્ઞાનાચાર, દર્શનાચાર આદિ પંચાચારો ! (૩) ભગવાનના ઉપદેશોમાં શ્રદ્ધા ન રાખવામાં આવે અને (૪) ભગવાનના ઉપદેશથી વિરૂદ્ધ જાણે-અજાણે કાંઇ બોલવામાં આવે.

આ રીતે બધાં પાપોને પ્રયત્નપૂર્વક યાદ કરીને ‘‘આ બધું બહુ જ ખોટું થઇ ગયું ! રાગદ્વેષ, મિથ્યાત્વ, ઇન્દ્રિયો અને કષાયોને વશ થઇને ભૌતિક સુખસાધનો માટે મેં કેવા કેવાં પાપો કરી નાખ્યા ! શક્તિ, સમય અને સંયોગ મળવા છતાં મેં ધર્મ ન ર્ક્યો ! ધિક્કાર છે મને ! આજે તો દેવ-ગુરુ સાક્ષીએ સર્વ પાપોને આંસુઓના પૂરમાં વહાવીને જ રહીશ. આ આવી ભાવના પ્રતિક્રમણ પૂર્વે ભાવવી જોઇએ.

‘પ્રતિક્રમણ’ એટલે પાછા ફરવું. પરમાત્માએ દર્શાવેલી કલ્યાણકારી મર્યાદાઓનું જ્યારે પ્રમાદવશ અતિક્રમણ થાય છે ત્યારે પ્રતિક્રમણ દ્વારા ફરી પાછા આત્મભાવોમાં પ્રવેશ કરવામાં આવે છે. દા.ત. સમતામય આત્મભાવોમાંથી નીકળીને ચિત્ત પ્રમાદવશ ક્યારેક હિંસાત્મક બાહ્યભાવો તરફ દોડી જાય, ત્યારે તેને પાછું વાળીને સમતામય આત્મભાવોમાં પુનઃ પ્રવેશ કરાવવાની પ્રક્રિયા તે પ્રતિક્રમણ !

આપણે જેને પ્રતિક્રમણ કહીએ છીએ, તે હકીકતમાં છ આવશ્યક કાર્યોના સમૂહ સ્વરૂપ છે. (૧) સામાયિક (૨) ચઉવીસત્થઓ (૩) વંદના (૪) પ્રતિક્રમણ (૫) કાઉસ્સગ્ગ અને (૬) પચ્ચક્ખાણ

ઓરડો સાફ કરવા માટે સૌથી પહેલાં બારી-બારણાં બંધ કરી દેવામાં આવે છે, બસ એ જ રીતે આત્મશુદ્ધિ (પ્રતિક્રમણ) કરતાં પહેલાં નવાં પાપકર્મોને અંદર આવતા રોકવા માટે સામાયિક લેવામાં આવે છે.

(૧) સામાયિક એટલે સર્વ પાપોનો મનથી-વચનથી-કાયાથી ‘‘નહીં કરવા અને નહીં કરાવવા’’ રૂપે ત્યાગ ! આ ત્યાગના પરિણામમાંથી જ આત્મામાં સમતા ઉત્પન્ન થાય છે, સામાયિકનો શબ્દાર્થ છે : સમતાની ઉપલબ્ધિ!

(૨) ચઉવીસત્થઓ એટલે લોગસ્સ સૂત્ર ! જેમાં શ્રી ઋષભદેવથી માંડીને શ્રી મહાવીર સ્વામી સુધીના ૨૪ તીર્થંકરોને નામ લેવાપૂર્વક વંદન કરવામાં આવે છે.

(૩) વંદન એટલે ‘‘સુગુરુવંદન સૂત્ર’’ અહોકાયં ! જેમાં સુગુરુને વંદન કરી, સુખશાતા પૂછી, ખમાવવામાં આવે

છે એમની પાસે ક્ષમા માંગવામાં આવે છે.

(૪) પ્રતિક્રમણ એટલે પ્રભુએ દર્શાવેલી મર્યાદાનું પ્રમાદવશ અતિક્રમણ થવા પામ્યું હોય, તો ત્યાંથી પાછા ફરવા પૂર્વક આત્મભાવમાં પ્રવેશવાની ક્રિયા.

(૫) કાઉસ્સગ્ગ એટલે શરીરને જિનમુદ્રામાં, વાણીને મૌનમાં અને મનને નિશ્ચિત સૂત્રાક્ષરો તથા સૂત્રાર્થમાં ચોક્કસ સમય મર્યાદા સુધી સ્થિર રાખવાની અદ્‌ભુત પ્રક્રિયા !

(૬) પચ્ચકખાણ એટલે દિવસ કે રાત્રિ સંબંધી આહારત્યાગની પ્રતિજ્ઞા ! નવકારશી, પોરસી, એકાસણું, બેસણું, આદિ પચ્ચકખાણો દિવસ સંબંધી છે અને ચોવિહાર, પાણહાર આદિ પચ્ચકખાણો રાત્રિસંબંધી છે.

આવો, ઉપર મુજબનું જ્ઞાન પામીને, ભાવોને શુદ્ધ કરીને અને વિધિનું પાલન કરીને એવી રીતે પ્રતિક્રમણ કરીએ કે, પ્રતિક્રમણ પછી જાણે બોજો માથા પરથી ઊતરી ગયો હોય, એવો શાસ્ત્રદર્શિત અનુભવ માણી શકીએ.


પર્યુષણની ધર્મ આરાધનાથી સૌમાં જીવદયા ભાવ સુદૃઢ થાય એવી શુભકામના....



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સૌને મને વચને કાયાએ મિચ્છા મિ દુક્કડમ્

**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**અમારા આ સર્વે કાયમી શુભેચ્છકો**
**વતી**
**મને- વચને-કાયાએ**
**મિચ્છા મિ દુક્કડમ્**

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

**TAN MAN®**
TOURS & TRAVELS

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

સાંવત્સરિક શુભેચ્છા

આ સંવત્સરીથી શરૂ થયેલા નવા કર્મવર્ષમાં દેવ-ગુરૂની અસીમ કૃપાએ કર્મ ઓછા બંધાય અને જૂના કર્મોની નિર્જરા થાય એવી શુભેચ્છા સાથે સૌને અમારા મિચ્છામિ દુક્કડમ્...

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૮)
**– સોમ ધરમશી** (કચ્છ)-09825372464

## ''ચરેં, ખરેં કે કેંજો સોસ ન વે,
## ને સંતેમેં કડેં રોસ ન વે''

**શબ્દાર્થ :** ચર – પાગલ, ખર – લુચ્ચા ધુતારા સોસ – દુઃખ, રોસ – ગુસ્સો, સુમેકે – લોભિયો, કંજુસ

**ભાવાર્થ :** ઉપરોક્ત ચાર પંક્તિઓમાં કવિશ્રી તેજ જેમણે શાળામાં પાંચમું ધોરણ પણ પાસ નથી કર્યું, જીવન સુંદર રીતે જીવવાનાં માર્મિક પાઠ ભણાવી દે છે.

સમાજની અંદર દિવાના-પાગલ કે લુચ્ચા-ધુતારા લોકોને કોઈ વાતનું દુઃખ હોતું નથી બેફિકરાઈથી જીવન જીવે છે. કવિશ્રીએ અહીયાં ''ચરેં'' નો બે અર્થમાં ઉપયોગ ક્ર્યો છે. એક તો જે સાચેસાચ પાગલ હોય છે. બીજા પોતાની મસ્તીમાં પાગલ હોય છે જેમકે સંગીતકાર ચિત્રકાર, શિલ્પકાર વગેરે આ લોકો બધી પરિસ્થિતીમાં આનંદમાં હોય છે.


**Ashadeep Corporation**
Chennai

**Jash Mercantile LLP**
Mumbai

**K.S.Enterprises**
Mumbai

**Harsh Gathani Enterprises Pvt.Ltd.**
Mumbai

**Nakoda Trading Co.**
Chennai

**Aaditya Interanational**
Mumbai

**Uday Impex Corporation**
Mumbai

**Nav Nidhi Enterprises**
Chennai

અમારા આ સર્વે હિતેચ્છુઓ વતી
સાવંત્સરિક ક્ષમાપના માંગતા
**મિચ્છા મિ દુક્કડમ્** સહ જણાવવાનું કે
**માગું ક્ષમા સર્વ જીવોની, આપુ ક્ષમા સર્વ જીવોને**
**સૌથી મૈત્રી છે મારે, નથી વેર કોઈની સાથેય...**

**M.P.Sons**
Mumbai

**Bombay Business International**
Kanpur

**Shri Mahalaxmi Corporation**
Kolkata

સંત પુરુષની વ્યાખ્યા બાંધતા કવિ કહે છે કે જેણે ગુસ્સા-ક્રોધ પર વિજય મેળવ્યો છે તે સાચો સંત, ભલે પછી તે ભગવા વસ્ત્ર ધારણ કરે કે ના કરે. ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનાં શ્લોક ૬૩માં કહ્યું છે.

**क्रोधाद् भवति सम्मोहः, स्मोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।।**

ક્રોધથી મોહ થાય છે અને મોહથી સ્મરણ શક્તિનો નાશ થાય છે. અને સ્મૃતિના મોહથી બુદ્ધિનો વિનાશ થાય છે અને તેથી મનુષ્ય પતન પામે છે.

કંજુસ અને લોભી મનુષ્યો માટે કવિ કહે છે કે તેમને સોનાની ખાણ પણ મલી જાય તો સંતોષ નથી. જે નર પાસે સંતોષ હોય છે તે સર્વથા સુખી હોય છે.

આજે ભૌતિક સુખોની પાછળ આંધળી દોટ મુકનાર માનવી માનસિક શાંતિ ગુમાવી બેઠો છે અને તણાવગ્રસ્ત જીવન જીવી રહ્યો છે.

જીવનબાગને નવપલ્લવિત રાખવા ઉપરની પંક્તિઓને મમળાવી, ક્રોધ, મોહ, માયા અને લોભથી મુક્ત થઈ શકીયે તો જીવનબાગ સુશોભિત થઈ જાય.


**Shree Simandhar Shipping Services**
Mumbai

**Mota Trading Pvt.Ltd**
Mumbai

**Shree Vinayak Enterprises**
Raipur

**M.P. Corporation**
Kolkata

**Premier Traders**
Kolkata

**Abhishek Trade Links**
Mumbai

**Aurovi Exports**
Mumbai

અમારા આ સર્વે હિતેચ્છુઓ વતી
સાવંત્સરિક ક્ષમાપના માંગતા
**મિચ્છા મિ દુક્કડમ્** સહ જણાવવાનું કે
**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું સૌના હૈયે વહ્યા કરે...**
**શુભ થાઓ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે...**

**Aakansha Exims**
Mumbai

**Nihal Imports**
Mumbai

**MRS Trade Links**
Chennai

**Sun Interanational**
Mumbai

# શ્રધ્ધાસુમન

જન્મ
તા. ૧૧.૯.૧૯૪૨
મંજલ રેલડિયા



અરિહંતશરણ
તા.૨૬.૮.૨૦૧૩
અમદાવાદ

**માતુશ્રી પ્રમિલા જયંતભાઇ ધરમશી**

## જીવનની મહેંક

**ગુલાબનાં ફૂલોની જેમ, તમારું જીવન મહેંકી ઊઠ્યું,**
**તેની સુવાસ બધાના જીવનમાં મહેંકી ઊઠી,**
**તેમાંથી ચાર ફૂલોની મહેંક બધે પ્રસરી ઊઠી,**
**યાદ કરીએ કર જોડીને,**
**નમન કરીએ તમને, આશિષ આપજો અમને.**

લિ. જયાબેન ચીમનલાલ નાગડા

### શોકાતુર

| | | |
|---|---|---|
| | ઈન્દુબેન મેઘજી ગોવિંદજી ધરમશી | મમુબાઇ નરશી લધા પોલડિયા |
| | જયંતભાઇ મેઘજી ધરમશી | નવલબેન ખેતશી પોલડીયા |
| | તારાબેન વિનોદ મેઘજી ધરમશી | જયાબેન ડુંગરશી પોલડિયા |
| | હંસાબેન સુરેશ મેઘજી ધરમશી | મણીબેન મુલજી પોલડિયા |
| | નલિનીબેન ચંદ્રકાંત મેઘજી ધરમશી | સુદેશબેન મુલજી પોલડિયા |
| | મંજુલાબેન મેઘજી ધરમશી | તારાબેન શીવજી પોલડિયા |
| | નવલબેન મેઘજી ધરમશી | મધુરી કિશોર વિકમશી |
| | જયાબેન ચીમનલાલ નાગડા | પૂર્ણિમા પ્રતાપ પોલડિયા |
| | ભારતીબેન મહેશ લોડાયા | લીના પરેશ મહેતા |
| દીકરી : | નીતા વિનોદ ધરમશી | જ્યોતિ હીરેન પોલડિયા |
| દીકરી-જમાઇ : | દીપ્તી અનુપ ખેતશી ખોના | સૂચના યોગેશ મુલજી પોલડિયા |
| | હેજલ ધરમશી | દિપેશ મુલજી પોલડિયા |
| | જ્યોતિ જયેશ લક્ષ્મીચંદ મૈશેરી | અનીતા નીતેશ રાવત |
| | મમતા જયંત ધરમશી | મીના નરેશ નાગડા |
| | હીના નિતિન કનસે | કલ્પના ગોવિંદજી સોની |
| | કવિતા ચંદ્રકાંત ધરમશી | હીના ચંદ્રેશ ડાઘા |
| પુત્રવધુ-પુત્ર : | પરીતા પ્રશાંત ધરમશી | કવિતા રાજેશ શીવજી પોલડિયા |
| પૌત્ર : | ધવલ, ધ્રુવલ, સુરેશ | સોનાલી અમીત નાગડા |
| દોહિત્ર : | અદિશ, કરણ, જયશીલ, | દોહિત્રી : કૃતિ |

## વ્યક્તિ વિશેષ : શ્રી મણીકાંતભાઇ મેઘજી મોમાયા (વરાડીયા-હૈદરાબાદ)

હસમુખા, મિલનસાર, ધીર-ગંભીર, જીંદાદીલ તથા રમૂજી સ્વભાવના માલિક એવા શ્રી મણીકાંતભાઇએ છેલ્લા ૩૦ વર્ષથી સામાજીક ક્ષેત્રે, ધંધાકીય ક્ષેત્રે તથા ધાર્મિક ક્ષેત્રે પોતાના અથાગ પરિશ્રમથી, બુદ્ધિ કૌશલ્યથી તથા અનેરી સૂઝબૂઝથી અને કોમલ વ્યવહારથી પોતાની આગવી છાપ ઉભી કરેલ છે.



ધર્મક્ષેત્રે તેમનું યોગદાન શરૂ આવથી જ અમૂલ્ય રહ્યું છે. દક્ષિણ ભારતમાં સાધુ ભગવંતોનાં વિહાર તથા દર વર્ષે ચોમાસા કરાવવાનું મુખ્ય શ્રેય શ્રી મણીકાંતભાઇને જાય છે. વિહાર વખતે સાધુ ભગવંતોની વૈયાવચ્છ તથા તેમના દર્શને આવતા સંઘોની વ્યવસ્થા સાચવવાનું કાર્ય ખૂબજ કુશળતાપૂર્વક નિભાવેલ છે. તેમની નિષ્ઠાપૂર્વકનાં પ્રયત્નોથી હૈદરાબાદ કાચીગુડાનું ભવ્ય મંદિર અસ્તિત્વમાં આવેલ છે.

છેલ્લા ૩૦ વર્ષથી કેટરીંગ વ્યવસાયમાં વ્યસ્ત અથાગ પુરૂષાર્થ તથા ખોરાકની ઉચ્ચ ગુણવત્તાને કારણે તેઓશ્રી આજે ભારતનાં પ્રથમ દસ કેટરર્સની હરોળમાં છે. તેમજ દક્ષિણ ભારતમાં પ્રથમ નંબરનાં શ્રેષ્ઠ કેટરર્સનો એવોર્ડ-૨૦૧૨-૧૩માં પ્રાપ્ત કરેલ.

હૈદરાબાદમાં કેટરીંગના વ્યવસાયમાં ઝંપલાવનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. હાલમાં જ તેમને સરકાર તરફથી અન્નપૂરક એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

સામાજીક ક્ષેત્રે તેઓને કચ્છ શક્તિ એવોર્ડ તથા ગુજારાતના મુખ્યમંત્રીના હાથે ગુજરાત રત્ન એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

હાલમાં જ દક્ષિણ ભારત એકમની મીટીંગમાં હૈદરાબાદના શ્રી રમેશ પ્રેમજી લોડાયાના અવસાનથી ખાલી પડેલ ઉપ-પ્રમુખના સ્થાને શ્રી મણીકાંતભાઇની નિમણુક કરવામાં આવેલ અને તે જ સમયે તેમણે પોતાના વેવાઇ બેંગલોરનાં ડી.એ. શાહના પરિવારસાથે મળી એકમના ઓફિસ રૂમ માટે રૂા.૧૧ લાખનો ફાળો કરી આપેલ.

## સાંવત્સરિક ક્ષમાપના



### શામજી પદમશી છેડા

બંને જ્ઞાતિઓ મૂળે એક જ છે એવું દાખલા-દલીલો સાથે સાબિત કરીને, ભૂ.પૂ. નાની ન્યાતને આપણા દેરાસરોમાં ધાર્મિક વિધિઓની સંપૂર્ણ છૂટ મળે એ માટે સતત પાંત્રીસ વરસ સુધી આપણી જ્ઞાતિપત્રિકાઓ અને ‘મુંબઇ સમાચાર’ જેવા દૈનિકોમાં એકધારાં લખાણો લખીને બંને જ્ઞાતિઓને એક કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર, વિનમ્ર જ્ઞાતિસેવકના સર્વે જ્ઞાતિજનોને **મિચ્છામિ દુક્કડમ્.**

ગાંધીધામ **શામજી પદમશી છેડા**

## હાલાર તથા લોડાયા પરિવારનું ગૌરવ

### હાર્દિક અભિનંદન



**ચિ. મયુરી કમલેશ લોડાયા** (દલતુંગી-પુના)

ચિ. મયુરી મરાઠવાડા-પુના કોર્સ BBA
પુના યુનીવર્સિટી 1st Classમાં ઉત્તીર્ણ થઇને
કુટુંબ તથા પરિવારનું ગૌરવ વધારેલ છે.

**શુભાશિષ**

| | |
|---|---|
| માતા-પિતા | : સુનિતાબેન કમલેશ શામજી લોડાયા |
| દાદા-દાદી | : સ્વ. માતુશ્રી હિરબાઇ શામજી ગોંવજી લોડાયા (ડોંબિવલી-દલતુંગી) |
| નાના-નાની | : શાંતાબેન જલીલાજી જૈન (ઇન્દોર) |
| કાકા | : સ્વ. દિનેશભાઇ શામજી લોડાયા (દલતુંગી) |
| બહેન-બનેવી | : બીનલ રિતેશ શિયાડ (દલતુંગી) |
| ભાઇ | : યશ કમલેશ શામજી લોડાયા |

શ્રી કચ્છી મિત્ર મંડળની ચૂંટણીમાં શ્રી મણીકાંતભાઇને ૧૦૦% મતથી પ્રમુખ તરીકે ચૂંટવામાં આવેલ. આ સંગઠનમાં કચ્છી લોહાણા, ભાટીયા, ક્ષત્રિય, બ્રહ્મક્ષત્રિય, ગુર્જર, બ્રાહ્મણ, વણીક, ભાનુશાલી, દશા-વિશા તેમજ અન્ય કોમના સભ્યો છે. ૧૨ જેટલી વિવિધ જ્ઞાતિનાં સંગઠનની ચૂંટણીમાં ૧૦૦% મત મેળવવા એ કાંઇ નાની વાત નથી, આના ઉપરથી સાબિત થાય છે કે શ્રી મણીકાંતભાઇની લોકચાહના કેટલી છે. દરેક સંગઠનોએ એકજ અવાજથી મણીકાંતભાઇમાં વિશ્વાસ વ્યક્ત કરેલ. બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી મણીકાંતભાઇ માટે આખી જ્ઞાતિએ ગૌરવ લેવાની બાબત છે.

ધર્માનુરાગી, ઉચ્ચ કોટીનાં શ્રાવક એવા શ્રી મણીકાંતભાઇને દીર્ઘ આયુષ્ય તથા ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન થાવ એવી પરમકૃપાળુને પ્રાર્થના.

**હરિશ શિવલાલ મુનવર (ગદગ-પૂના)**

**નોંધ :** પર્યુષણ પર્વને ધ્યાનમાં રાખીને છેલ્લા બે-ત્રણ અંકોમાં જ્ઞાતિજનોએ મોકલે કેટલીક સામગ્રી બાજૂપર મુકી ધાર્મિક લેખોને પ્રાધાન્ય અપાયું, પણ હવે એ મેટરોને પ્રાધાન્ય આપવામાં આવશે.
-તંત્રી

## વાર્ષિક શ્રધ્ધાંજલિ



**સ્વ.શા હીરજી પદમશી નાગડા** (રાપરગઢ)
**અરિહંતશરણ : ૦૮.૦૯.૨૦૧૨**

સુમધુર હતી જીંદગી પણ સંભારણું છોડી ગયા
વેરાન મુકી અમ આંગણું આભાસ તમારૂ છોડી ગયા
તમારા સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ
સદા અમારા હૃદયમાં રહેશે.
પરમકૃપાળું પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર
આત્માને શાંતિ આપે એજ પ્રભુજી પાસે પ્રાર્થના

**લી.**

પત્નિ : મંજુલાબાઇ હીરજી પદમશી નાગડા
પુત્ર-પુત્રવધુ : અ.સૌ. સંગીતા પંકજ હીરજી નાગડા
દીકરી-જમાઇ : લીલાવંતી હીરાચંદ છેડા (સુથરી)
મીના સંજય મૈશેરી (ગોધરા)
પૌત્ર-પૌત્રી : કૃતિકા-યશ

## પ્રથમ પુણ્યતિથીએ

: જન્મ :
તા.૧૯.૦૨.૧૯૩૫



: અરીહંતશરણ :
તા.૯.૯.૨૦૧૨

**સૌ. ધનબાઇ લાલજી માણેકજી લોડાયા** (ગદગ -કોઠારા)

***સંસ્કાર અને સ્નેહથી સાર્થક કર્યું નામ ધનબાઈ,***
***સમય વીત્યો તોય સ્મૃતિ તાજી એજ જીવનની કમાઇ...!***

પતિ : **શ્રી લાલજી માણેકજી લોડાયા**

સુપુત્રો : **શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા**
**શ્રી દિલીપ લાલજી લોડાયા**
**શ્રી ભરત લાલજી લોડાયા**

પુત્રવધુ : **અ.સૌ. દમયંતી ચંદ્રકાંત લોડાયા**
**અ.સૌ. જયશ્રી દિલીપ લોડાયા**
**અ.સૌ. નીતા ભરત લોડાયા**

દિકરી : **અ.સૌ. પુર્વી પીનાકીન છેડા**
જમાઇ : **પીનાકીન જેઠાભાઇ છેડા**

# હવાફેર અને શિક્ષણના ધામ પંચગનીમાં હવે જ્ઞાતિજનનું આરોગ્યધામ



**તાજેતરમાં હિલસ્ટેશન મહાબળેશ્વર પાસે જોડીયા હિલ સ્ટેશન અને શિક્ષણધામ પંચગનીમાં જ્ઞાતિ આગેવાન-દાતા લક્ષ્મીચંદ ધારશી મોતાના નામે ચાલતા ચેરીટેબલ ટ્રસ્ટે કચ્છી-ગુજરાતી જૈન સમાજ માટે રાજલક્ષ્મી આરોગ્યધામની સગવડ ઉભી કરી આ આરોગ્યધામ સાતારા જિલ્હાના પંચગની નગરમાં પુના મહાબળેશ્વર રોડપર એસટી બસ સ્ટેન્ડની બાજુમાં, ક્રિમીસ સ્કૂલની સામે પ્લોટ નં.૪૭૧ પર આવેલું છે.**

**તેનું બુકીંગ ટ્રસ્ટની ૧૩૭/૪૧, કલકતાવાલા બિલ્ડીંગ, ૨જે માળે, સેમ્યુઅલ સ્ટ્રીટ, મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ખાતે થાય છે. સંપર્ક-મો : ૦૮૮૭૯૬૭૭૭૦૯**

**આ નિમિત્તે પ્રસ્તુત છે પંચગની હિલ સ્ટેશનનો ટુંક પરિચય** ૪૨૪૨ ફુટની ઉંચાઇએ દાંડેગર, ગોડવી, અમરાઇ, ખીંગર અને તાઇઘાટ એ પાંચ ગામડાંની વચ્ચે વસેલું પંચગની મુંબઇથી ૨૮૫, પુનાથી ૧૦૦, સાતારાથી ૪૫, વાઇથી ૧૦ અને મહાબળેશ્વરથી ૧૮ કિ.મી. અંતરે છે. પંચગની બાય રોડ મુંબઇ-પુના-વાઇથી જવાય છે. બાજુમાં ખીણમાં કૃષ્ણા નદી વહે છે. તેના પર ધોમ ડેમ વાઇથી ૯ કી.મી. છે. પંચગનીમાં ૫૬ રેસીડેંસીયલ સ્કુલ છે.


**મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડમ્**

**અશોક સોમચંદ ઝવેરી (વડાલા-વરાડીયા)**
**હિરા-ઝવેરાતના દરેક કાર્ય માટે**
**મો : 09821144324**
**ઘર : 022-24122864**



**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786


અમારા આદરણીય પરમ પુજ્ય

**પિતાશ્રી ડૉ. લક્ષ્મીચંદ નરપાર નાગડા**

(કચ્છ-તેરા)

તા.૫.૯.૨૦૧૩ ગુરૂવારના તેમની વર્ષગાંઠ દિને શતાબ્દી વર્ષ પુર્ણ થતા તે નિમિત્તે અમો તેઓને અહોભાવથી નતમસ્તકે વંદન કરીયે છીએ.

**એજ લી.**

**હંસા - જયંતીલાલ શાહ**
**નિરેન - જયા નાગડા**
**કાશ્મીરા - કુલીન લોડાયા**
**અનિલ - વર્ષા નાગડા**
**અમિતા - વિજય ખોના**

## શ્રી અંબેમાં ધરમશી પરિવાર-સુથરી

સર્વે ભાવિકોને જણાવવાનું કે શ્રી સુથરી નગરે શ્રી ધરમશી પરિવારના કુળદેવીશ્રી અંબેમાંના મંદિરની ચૌદમી વર્ષગાંઠ તા.૧૪.૧૧.૧૩ ગુરુવારથી તા.૧૭.૧૧.૨૦૧૩ રવિવાર સુધી ઉજવવામાં આવશે.

શ્રી અંબેમાં ધરમશી પરિવારના ભાવિકો તથા નિયાણી બહેનો, સહ પરિવાર સાથે સમયસર ટીકીટો કઢાવી લેશોજી.

કચ્છ જવા માટે તા.૧૨.૧૧.૧૩ મંગળવારની તથા મુંબઇ આવવા માટે તા.૧૮.૧૧.૧૩ સોમવારની ટીકીટો કઢાવશોજી. ટીકીટો ૬૦ દિવસ પહેલા બુક કરાવી લેશોજી.

**-: નિમંત્રક :-**

**શ્રી અંબેમાં ધરમશી પરિવાર**
**હસ્તે : હિરેન લખમશી ધરમશી**
**પંકજ જવેરચંદ ધરમશી**
**જય માતાજી**

બારેમાસ તાપમાન નીચું રહેતું હોવાથી હવાફેર માટે હવામાન શક્તિપ્રદ છે. ડૉ. રૂસ્તમ બિલીમોરીયાએ ક્ષય રોગીઓ માટે બેલ એર સેનેટોરીયમ સને ૧૯૪૦માં બનાવેલું. તબિયત સુધારવા અહીંનું ૨૦ સેલ્સિયસ અને ૫૧ ટક્કા ભેજવાળું વાતાવરણ અતિ ઉત્તમ છે. અહીં સેનેટોરીઅમ, નાની મોટી હોટલ ઘણી છે. ૬૮ એકરમાં વસેલું એશિયા પ્લેટેયુ વિવિધ કોર્સ, સેમીનાર એવં સંશોધન માટે મદદ કરે છે. પંચગનીમાં બે જૈન મંદિર છે. વાઈથી મહાબળેશ્વર વચ્ચે પાંચ જૈન મંદિર છે. અહીંના ચણા/જેલી તથા સીઝનલ ફ્રુટ વખણાય છે.

**જોવા લાયક સ્થળ**

**૧) સીડની પોઈંટ :** ૨ કી.મી. કૃષ્ણા નદીની ખીણ પર સામે પાંડવગઢ ત્યાં મંદારદેવ દેખાય છે.

**૨) ટેબલ લેન્ડ –** ૧ કી.મી. પંચગનીના ટોચે સપાટ મેદાન (ઘોડેસ્વારી) સામે ડેવીલસ્ કીચન ગુફાઓ દેખાય છે.

**૩) મહાબળેશ્વર જતાં રસ્તામાં** પારસી પોઈંટ, જૈન મંદિર અને મેપ્રો ગાર્ડન (જેલી ટોફી. રેસ્ટોરંટ-બાળકોના રમવાના સાધન) આવે છે.

**૪) મહાબળેશ્વર –** ૧૮ કિ.મી. (લેક-વોટર સ્પોર્ટસ-બજાર-જૈન મંદિર)

**ખુલાસો :** પ્રકાશ સમીક્ષના ૩૧.૮થી ૬.૯.૧૩ સુધીના અંક નં.૩૬ના કવર અને ૨જા પાના પર પ્રગટ થયેલા 'રાજલક્ષ્મી આરોગ્યધામ પંચગની' ફોટાઓ સાથેનું ૨જા પાના પર ફોટાઓની નીચેની જ લાઇન પરનું હેડીંગ રાજલક્ષ્મી આરોગ્યધામ-પંચગનીનું સમાજસેવામાં અર્પણ હોવું જોઇતુ હતું જે સમજફેરથી સમાજને અર્પણ એમ છપાયું છે તેમજ અંકના પાના નં ૪ પરના હેડીંગમાં અને છેલ્લા ફકરાની ૨જી લાઇનમાં તેજ ભૂલનું પુનરાવર્તન થયું છે તે બદલ દિલગીર છીએ. એ સમાજસેવામાં અર્પણ છે સમાજને અર્પણ નથી તેથી કોઇએ ગેરસમજ કરવી નહીં.

*- તંત્રી*

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

## મોતા અને છેડા પરિવાર દ્વારા પહેલી પુણ્યતિથિએ અંતરભિની શ્રધ્ધાંજલિ

અવનીપર અવતરણ
તા.૩.૪.૧૯૩૯



પરલોક ગમન
તા.૧૮.૮.૨૦૧૨
ભાદરવા સુદ બીજ મહાવીર જન્મ

**પ્રેમીલાબાઇ કુંવરજી મોતા** (નલીયા-કલ્યાણ)

મા એ એક એવો શબ્દ છે કે જેની યાદ આવતાં આપણાં શરીરની એક એક રોમરાઇ હર્ષિત-પુલકિત થઇ જાય છે. હે મા, આજે તમે અમારી વચ્ચે નથી પણ તમારી યાદ નિરંતર હરપળ આવ્યા કરે છે. તમારા સદ્દગુણો, તમારી ભલી ભાવના ક્યારેય ભુલાશે નહીં. અમે સૌ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છી કે આપ જ્યાં હો ત્યાં આપને પરમ શાંતિ મલતી રહે અને શિઘ્રાતિ શિઘ્ર સિધ્ધ ગતિને પામો એજ અમારા સૌ વતીએ અશ્રુભીની અંજલિ....!

**શોકાતુર પરિવાર**

પતિ : **કુંવરજી મેઘજી મોતા**

પુત્ર-પુત્રવધુ : **હંસા પંકજ મોતા • જસ્વીકા મનિષ મોતા**

પૌત્ર : **ચિરાગ પંકજ મોતા • ભાવિક મનિષ મોતા**

નણંદ : **ધનબાઇ માણેકજી ભેદા • ગંગાબાઇ જવેરચંદ લોડાયા**

બેન-બનેવી : **સ્વ.લખમીબાઇ લક્ષ્મીચંદ ખોના**

એવં **શ્રી મેઘજી નથુ મોતા પરિવાર (નલીયા) • શા. રાયચંદ હંસરાજ છેડા પરિવાર (સુથરી)**

## Crossward - 01




### *Across*

1. Go by oil mixtures to study life (7)
6. A proprietor in the town Erode (5)
8. A weapon in Guntakal (3)
9. The fifth month (3)
10. Bend it to shoot an arrow (3)
12. This mark ensures standards in India (3)
13. Change her to get the alternative (5)
14. A confused melee and not without nothing for the basic constituent (7)

### *Down*

2. "Sir, only you have the metal". (4)
3. Cause of disease (4)
4. A mixed Arab gel for and Arabic contribution to mathematics (7)
5. The part of science taught in school with only one vowel (7)
7. The direction to the pole star (4)
11. Warm material thanks to sheep (4)
12. A country in "firang" land (4)

**Answer on next page**

**જેટલો અહંકાર મોટો અને જેટલી વધુ મેળવવાની ઈચ્છા તેટલી આપણે વધુ હિંસા કરવી પડે માટે આ બન્નેને અંકુશમાં રાખવા એજ ધર્મનો સાર છે**

## ઘાટકોપરમાં હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી સંઘના સથવારે ૨૭.૯.૧૩ના સવારે ૧૦.૩૦થી બપોરના ૩ દરમ્યાન અનંતછાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ)માં હાડકાંની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પનું યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રી અજયભાઈ લોડાયા-૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા.૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે.

## અનુકરણીય દાન

શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર હસ્તક શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયાએ તાજેતરમાં બે દાન કરી સન્માન પ્રાપ્ત કર્યાં.

તેમને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ (બૃહદ ગાંધીધામ વિસ્તાર)ને સરસ્વતી સન્માન યોજવા તેમજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજને ૩૧ કન્યાઓના કન્યાદાન માટે ગણના પાત્ર દાન આપ્યા છે.





**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## Crossward - 01 *(Answer)*

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | 1 B | 2 I | O | L | O | 3 G | Y | ■ |
| 4 A | ■ | R | ■ | ■ | ■ | E | ■ | 5 P |
| L | ■ | 6 O | W | 7 N | E | R | ■ | H |
| 8 G | U | N | ■ | O | ■ | 9 M | A | Y |
| E | ■ | ■ | ■ | R | ■ | ■ | ■ | S |
| 10 B | O | 11 W | ■ | T | ■ | 12 I | S | I |
| R | ■ | 13 O | T | H | E | R | ■ | C |
| A | ■ | O | ■ | ■ | ■ | A | ■ | S |
| ■ | 14 E | L | E | M | E | N | T | ■ |

### *Across*

1. Biology (Logic : Anagram of GO BY OIL, Biology is the study of life.)
6. Owner (Logic : Contained in tOWN ERode. A proprietor is an owner.)
8. Gun (Logic : Contained in GUNtakal, a gun is a weapon.)
9. May (Logic : Obvious.)
10. Bow (Logic : Obvious.)
12. ISI (Logic : ISI is the Indian Standards Institute)
13. Other (Logic : Anagram of HER TO, other is an alternative)
14. Element (Logic : ELEME is an anagram of melee. NOT without O is NT. An element is a basic constitutent)

### *Down*

2. Iron (Logic : "Sir, only you have the metal")
3. Germ (Logic : Obvious)
4. Algebra (Logic : Anagram of ARAB GEL, algebra was first developed by the Arabs)
5. Physiscs (Logic : Obvious)
7. North (Logic : Obvious)
11. Wool (Logic : Obvious)
12. Iran (Logic : Iran is a country contained in flRANg)

## CAREER IN BANKING

The Times Group of Companies has entered education sector with TimesPro, an initative to impart skill and transform graduates into banking professionals.

The course aims to bridge the gap between industry requirements and skill sets of graduates looking to enter banking and finance service industry. As part of the iniitative, the company has already set up seven state of the art learning centres at Mumbai, Noida, Jaupur, Lucknow, Ahmedabad, Hyderabad and Bhubneshwar.

Times Pro has launched its flagship programme, the Post Graduate Diploma in Banking Management. This programme will cater to the rise in demand for skilled graduates in banking industry which is likely to see the entry of many more private banks in the next few years. Large corporate houses like Tata, Birla, Bajaj, Ambani etc. are already in queue for obtaining necessary license from Reserve Bank of India to commence their banks. They will open their bank branches in all large and small towns and will need a very large number of banking profesionals.

In their advertisement released in The Times of India and Economic Times, they say :

Guaranted job interviews with leading banks.

Expert faculty drawn from the best in banking industry.

State of the art class rooms with exhaustive e library, interactive whiteboards etc.

Unique learning system that incorporates the best of instructor led training,

Cutting edge curriculum design and customised modules based on Ecomic Times Contents.

Their Contact Number and address is as following Ph : 1800 102 2323

Timespro

Unit N : 3, 1st Floor, Vakratunda, Vishweshwar Nagar, Off Aarey Road, Near Udipi Vihar, GOREGAON EAST, MUMBAI - 400 063.

The duration of the course is ONLY SIX MONTHS and course fees is approximately Rs.85,000.00 This course may be taken by those graduates who have failed to secure a seat in top management schools because by enrolling in C or D class of institutes located in small towns all over India may not be of any use, because such institutes do not have any worthwhile campus or trained staff. The volue of diploma offered by such unreputep institutions is not worth the peper on which they are printed.

Remember "TIMES" Brand has a strong value

**Laheri Lodaya (Mulund) 9820299330**

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ બોર્ડીંગ ધુલીયા

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેંદ્રસાગર સુરીશ્વરજી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન બોર્ડીંગની વાર્ષિક જનરલ સભા પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજસાહેબના અધ્યક્ષપદ હેઠળ ધુલીયામાં સંપન્ન થઇ.

પ્રારંભમાં પારોલા તીર્થે વિરાજમાન શ્રી શાંતિનાથ ભગવાન, ધુલીયા બોર્ડીંગમાં વિરાજમાન શ્રી વાસુપુજ્ય ભગવાન, ધુલિયામાં વિરાજમાન શ્રી શિતલનાથ ભગાવન અને પુ. શ્રીમદ્ જિનેંદ્રસાગરજી મ.સા., શ્રી ક્ષમાનંદજી મ.સા. અને જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસી નાથાની છબીઓને સન્માનપૂર્વક હાર પહેરવામાં આવ્યા. શ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજસાહેબજીએ મંત્રોચ્ચાર પઠન કરીને આશીર્વચન આપ્યા શ્રીમતી હિરાવંતીબેન લોડાયા અને સૌ. પ્રિતીબેન કાજલ મોમાયાએ નવકાર મહામંત્ર અને પછી સ્વાગતગીત દ્વારા બધાનું સ્વાગત કર્યું.

સભાનું સુત્રસંચાલન સંસ્થાના માનદમંત્રી શ્રી કેતનભાઇ ઠાકરશીભાઇ ગોસરે કર્યું. ઉપકાર્યાધ્યક્ષ શ્રી ચંદ્રકાંત ગુલાબચંદ લોડાયા, ધુલીયાએ સંસ્થાની બોર્ડીંગ શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ અને શ્રી ક્ષમાનંદજી મ.સા. શોપીંગ કૉમ્પ્લેક્સનો વાર્ષિક અહેવાલ સાદર કર્યા. સંસ્થાના માનદ ખજાનચી શ્રી ગોવિંદજી નેણસી સોની (ધુલીયા)એ સંસ્થાના ૨૦૧૨-૧૩ના હિસાબો રજુ કર્યા. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

સંસ્થાની ૨૦૧૩-૧૭ની મુદત માટે નીચે કારોબારી સમિતિમાં ૨૫ સદસ્યોની અને પદાધિકારીઓની ચુંટણી સર્વાનુમતે કરવામાં આવી.

પદાધિકારી અને કારોબારી સમિતિ (ટ્રસ્ટબોર્ડ) : કાયમી અધ્યક્ષ - પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજ સાહેબ (મુંબઇ), કાર્યાધ્યક્ષ - તિલકચંદ નરશી દંડ (મલકાપુર), ઉપકાર્યાધ્યક્ષ - ચંદ્રકાંત ગુલાબચંદ લોડાયા (ધુલીયા), માનદમંત્રી - સૌ. કાંતાબેન ચંદ્રકાંત લોડાયા (ધુલીયા), સહમાનદમંત્રી - ખિરીશભાઇ ગુલાબચંદ ધરમશી (ધુલીયા), માનદ ખજાનચી - ગોવિંદજી નેણસી સોની (ધુલીયા),

સભ્યો : દિનેશ રતીલાલ મૈશેરી (બુરહાનપુર), પ્રદીપ ચંદ્રકાંત લોડાયા (ધુલીયા), છત્રપતી નરશીભાઇ દંડ (મલકાપુર), દીપક દામજી પોલડીયા (ભુસાવલ), તિલક પદમશી લોડાયા (અમલનેર), મનીષ ભવાનજી લોડાયા (ચાલીસગામ), કેતન ઠાકરશી ગોસર (ધુલીયા), સૌ. લતાબેન જયંત દંડ (ધુલીયા), સૌ. પ્રિતી કાજલ મોમાયા (ધુલીયા), ધનપતિ કુંવરજી મોમાયા (જલગામ), જયેશ નારાણજી ધરમશી (ધુલીયા), ચંદ્રેશ હંસરાજ મોમાયા (દોંડાઇચા), લક્ષ્મીચંદ ભવાનજી લાપસીયા (જલગામ), જયંતીલાલ જેઠાભાઇ મૈશેરી (અમલનેર), મનીષ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), લાલજી ટોકરશી લોડાયા (પાચોરા), તિલક મુલજી લાલકા (ચોપડા), રાજેશ દામજી પોલડીયા (નાસિક), સૌ. નીલમ દલેશ મોમાયા (ચાલીસગામ).

ધુલીયામાં શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ નામાંકિત સ્કુલ તરીકે ઓળખાય છે. નર્સરીથી ૧૦ના ધોરણ સુધીના વર્ગોમાં ૫૫૦ વિદ્યાર્થીઓ ભણે છે અને આદર્શ સ્કુલ માટે જોઇતો સંપૂર્ણ માળખું ઉપલબ્ધ છે.

સંસ્થાના કાર્યાધ્યક્ષ શ્રી તિલકચંદભાઇ નરસીભાઇ દંડએ સંસ્થાની સાકરાત્મક પ્રવૃતિ પ્રગતિ માટે શુભેચ્છાઓ આપી. અધ્યક્ષસ્થાનેથી પૂ. શ્રી યતીવર્ય મોતીસાગરજી શ્રીજી મ.સા.જીએ કહ્યું કે શ્રી કદઓ જૈન જ્ઞાતિની આ સંસ્થાનો ઈતિહાસ ગૌરવશાળી છે અને ભવિષ્ય પણ ઉજ્વલ છે. એમણે સંસ્થાએ હાંસલ કરેલ સિદ્ધિઓની અને ઉત્સાહી વ્યવસ્થાપનની પ્રશંસા કરી હતી તથા ૨૦૧૫ના વર્ષમાં સંસ્થાનો આવનારો સુવર્ણ મહોત્સવ સકારાત્મકતાથી, જોશથી ઉજવવા કાર્યકર્તાઓને પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન સાથે આશિર્વાદ આપ્યા હતા. ત્યારબાદ તિલકચંદભાઇએ યતિવર્યની શાલ ઓઢાવીને અને શ્રીફળ આપીને માનવંદના કરી.

કેતનભાઇએ સૌ સદસ્યોનો આભાર માન્યો.

## ડાઘા માલદે ખેરાણી પરિવાર - દલતુંગી

માલદે પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની સળંગ સાતમી સમુહ પહેડી, સૌ. લક્ષ્મીબાઇ કરમશી ઘેલાભાઇ માલદે પરિવાર તરફથી રવિવાર ૧૯.૧.૧૪ના શુભમુહુર્ત મુંબઇ મુકામે આયોજીત કરેલ છે. આ પ્રસંગે પરિવારના સર્વે ભાવિકો તથા નીયાણીઓ, દીકરીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## શ્રી મોટી સિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મંડળ દ્વારા પ્રમુખ જ્યોત્સનાબેન મૈશેરીના નેજા હેઠળ ૨૭.૭.૧૩ના મેપાણી હૉલ (દેવપુજ)માં મગની દાળની વાનગીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેમ્બરોની હાજરી સારા પ્રમાણમાં હતી. પ્રથમ ઇનામ કોમલબેન જયેશ મૈશેરી તથા દ્વિતીય ઇનામ મીનાબેન કિશોર લોડાયાને મળેલ. સાથે વિવિધ જાતની ગેમો પણ રમાડવામાં આવી. દરેક સ્પર્ધકોને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા. નિર્ણાયક તરીકે ઊર્મિલાબેન લાલકા પધારેલ. કમિટી મેમ્બરોના સહકાર્યથી કાર્યક્રમ સરસ રીતે પાર પડેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

સમાજના ઉપક્રમે ૧૮.૮.૧૩ના સવારના મહામંગલકારી "નવકાર મહામંત્ર"ના જાપ અનુષ્ઠાનનું આયોજન શ્રી કે.ડી.ઓ. ભવનમાં કરવામાં આવેલ.

શ્રી જયંતરાહીના શિષ્ય યુવાવિધિકાર શ્રી હર્ષ દેઢીયા (તલવાણા)ના સંગીતમય સથવારે વિવિધ મુદ્રામાં નવકાર મંત્ર જાપ કરાવેલ જેમાં જ્ઞાતિજનોએ ખુબજ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધેલ. જાપ પુર્ણ થયા બાદ બપોરના સૌએ સ્વામિભક્તિનો લાભ લીધેલ.

આ અનુષ્ઠાનની વ્યવસ્થા શ્રી કે.ડી.ઓ. જૈન યુવક મંડળ તેમજ શ્રી કે.ડી.ઓ. જૈન મંડળના સભ્યોએ સંભાળેલ. રાત્રે પ્રભુજીની ભાવના સંગીતની રમઝટ સાથે ભણાવેલ.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘ દ્વારા "એક બીજાને ગમતા રહીએ" કાર્યક્રમ હિરકજયંતી નિમિત્તે ૧,૨૦૦ જ્ઞાતિજનોની, હાજરીમાં ૧૮ ઓગસ્ટ ૧૩ ના ફાઇનઆર્ટસ હોલ-ચેમ્બુરમાં ઊજવણી કરેલ. જ્ઞાતિના મહાનુભાવો અને વિદ્યાર્થીઓની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત ગણેશ સ્તુતિ, સરસ્વતી વંદના અને નવકાર મહામંત્ર સાથે થઇ. કાર્યક્રમની ઝલક કુ. ધર્મિતા કીરીટ લોડાયાએ આપેલ.

દીપ પ્રાગટ્ય વિધિ શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા, શાંતિલાલ શીયાલ, કલ્પેશ મોતા, હીરાલાલ ડાઘા, તરુણ ધરમશી, નરેશ મોમાયા અને સંઘના પ્રમુખ શ્રી અનુજ ગીરીશ લોડાયના હસ્તે સંપન્ન થયેલ. કુ. પૂજા નીતીન લોડાયા અને તેજલ ખીરેશ ધ્રોળે સ્વાગત ગીત પર નૃત્ય પ્રસ્તુત કરેલ.

કાર્યક્રમનું સંચાલન ઉત્તમ છેડાએ કર્યું. સુંદર ગીતોની રમઝટ કુ. પરીતા કેનીયા, સોમાલી રોય, પ્રશાંત મીસ્ત્રી દ્વારા કરવામાં આવલ. આ સમગ્ર કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી જયંત ભવાનજી સોની, અતિથી વિશેષ શ્રી ભાવિન જયંત સોની હતા. તેમનું સન્માન સંઘના પ્રમુખ શ્રી અનુજ ગીરીશ લોડાયા અને માનદમંત્રી ઉર્મીન જયેશ લોડાયાએ કર્યું.

આ પ્રસંગે ગીત-સંગીત કાર્યક્રમ ઉપરાંત "ઘી ત મુંજી ઘીંગી" નાટિકાએ સૌની દાદચાહના મેળવી. કાર્યક્રમને સફળ બનાવવા યુવાઓએ સુંદર જહેમત લીધેલ. શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ અને મેડીક્લેમ સેવાની વિગતો શ્રી મનીશ ડાઘા અને શ્રી પારસ મૈશેરી દ્વારા આપવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે હેમીલ દંડ, ઉર્વી લોડાયા, ભાવીન નાગડા, મયંક મોમાયા, ભક્તિ દંડ, તેજસ ખોના, સૃષ્ટી લોડાયા, હેમાલી શિયાલ, માસુમી સાયલા, શુભમ લાપસીયાએ અનુમોદનીય સેવા બજાવી. વિદ્યાર્થીસંઘે સર્વેનો આભાર માનેલ.

## સુરતમાં ચાતુર્માસ આરાધના

સુરત અચલગચ્છ સંઘમાં મોર્ડન ટાઉન પાસે સર્વોદયનગરીમાં રોજ સવારે ૯થી ૧૦ અલગ અલગ વિષય પર મુનિશ્રી ગુણવલ્લભસાગર મ.સા. પ્રવચન ફરમાવે છે. આ જિનવાણી શ્રવણનો ૧૦૦૦થી વધુ માણસો લાભ લે છે.

પુ. ગુરુદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા. ઉદયરત્નસાગર મ.સા.ની નિશ્રામાં ૨૫.૮.૧૩ના નવગ્રહ મહાપુજન કરાવમાં આવેલ જેમાં ૩૦૦ જોડા અને નવગ્રહ પુજા સાંભળવા જૈન-અજૈન ૨૨૦૦થી પણ વધુ માણસો પધારેલ. મહાપુજન બાદ પ્રભાવના કરવામાં આવેલ.

"ગિરનારનો વૈભવ" નામની પુસ્તીકાનું વિમોચન શ્રી ગુલાબચંદ છેડાના હાથે પુ. મહારાજસાહેબે કરાવેલ જેમાં ગીરનારનો મહિમા તેમજ ગીરનારના જંગલોની જડીબુટી વિષેની જાણકારી આપવામાં આવેલ છે.

જેણે વેબસાઇટ ઉપર જોવું હોય તો www.sarvodayparivar.org પર જોઇ શકે છે.

## ડાઘા માલદે ખેરાણી પરિવાર-દલતુંગી

પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની સળંગ સાતમી સમુહ પહેડી, અ.સૌ. લક્ષ્મીબાઇ કરમશી ઘેલાભાઇ માલદે સહપરિવાર તરફથી રવિવાર ૧૯.૧.૨૦૧૪ના મુંબઇ મુકામે આયોજીત કરેલ છે.

આ પ્રસંગે પરિવારના સર્વે ભાવિકો તથા નીયાણીઓ, દીકરીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## ગદગમાં અઢાર અભિષેક ધ્વજા મહોત્સવ

આપણા દેરાસરની ૯૯મી વર્ષગાંઠ નિમિત્તે શ્રાવણ સુદ ૯ને શુક્રવાર ૧૫.૮.૧૩ના અઢાર અભિષેકનો તેમજ શ્રાવણ સુદ ૧૦ને શુક્રવાર ૧૬.૮.૧૩ના ધ્વજા

મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વિધિકાર તરીકે મુંબઇ (અંબરનાથ)થી શ્રી પ્રવીણભાઇ સાવલા પધાર્યા હતાં. શ્રી સ્નાત્ર મંડળ, શ્રી પુણ્ય ગુણ સમૂહ સામાયિક મંડળ, શ્રી કે.ડી.ઓ. મહિલા મંચ, શ્રી પાર્શ્વ યુવક મંડળ સહીત ૧૮ કુટુંબીજનોએ અભિષેકમાં ઉમંગથી ભાગ લીધો હતો. ચંદ્ર દર્શનનો ચઢાવો શ્રી વીરેન્દ્ર પદમશી લોડાયાએ ૨૧૧ મણમાં, અષ્ટપ્રકારી પૂજાનો ચઢાવો શ્રી રીતેશ પ્રદીપ સાયલા (વાપી)એ ૬૧૧ મણમાં, આરતીનો ચઢાવો શ્રી લાલજી માણેકજી લોડાયા પરિવારે ૫૧૧ મણમાં, મંગલ દીવાનો ચઢાવો શ્રી સ્નાત્રમંડળ તથા શ્રી પુણ્યગુણ સમૂહ સામાયિક મંડળએ ૫૦૧ મણમાં અને શાંતિ કળશનો ચઢાવો શ્રીમતી જેઠીબાઇ ખીમજી વીરા પરિવારે ૧૬૧૬ મણમાં લીધો હતો. અભિષેક સંપન્ન થયા બાદ મહાજનશ્રી તરફથી સાધર્મિક ભક્તિ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

ધ્વજા ચઢાવવાનો લહાવો ૧૭,૧૧૭ મણમાં શ્રી વેરશી પાર્શ્વીર સાયલા (વાપી)એ બાળ સાધ્વી શ્રી રત્નહંસાશ્રીજી મ.સા. તથા બાલ સાધ્વી શ્રી મધુર હંસાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી (હસ્તે રીતેશ પ્રદીપ સાયલા) લીધો હતો. સવારે મહાજનશ્રી તરફથી શ્રી સત્તરભેદી પૂજા ભણાવાઇ હતી તથા બપોરે ધ્વજા ચઢાવવામાં આવી હતી. પૂજા સંપન્ન થયા બાદ સકળ સંઘને નાઠીગુઠી જમણનું આયોજન હતું.

મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી નવીનચંદ શામજી લાલકા તથા સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયાએ મહાજનશ્રી તરફથી વિધિકાર શ્રી પ્રવિણભાઇ સાવલા તથા એમનાં સહાયક શ્રી જિતેન્દ્રભાઇ, શ્રી પ્રદીપ વેરશી સાયલા અને શ્રી પંકજ વીરજી ગાલાનું સન્માન કર્યું હતું તથા શ્રી સંજય ઠાકરશી મોતા, શ્રીમતી વિમલા સંજય મોતા હર્ષદ સુંદરજી પાસડ સંગીત મંડળી અને અન્ય કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

રાત્રે આંગી-ભાવનામાં આરતી અને મંગળદીવો લાભ શ્રી ગુલાબભાઇ લાલજી ગડા (ચેન્નઇ)એ અનુક્રમે ૨૧૧ મણ તથા ૨૦૧ મણમાં લીધો હતો.

## ભાવના મંડળ જલગામ

સોમવાર ૫ ઓગસ્ટનો વિજયાબેન લોડાયા તરફથી નવકાર જાપ હતા. ધાર્મિક ગેમ રમાડી

શનિવાર ૧૦ ઓગસ્ટના સૌ. પદમીનીબેન વોરાના ઘરે નવકાર જાપ કરેલ. ત્યાં વનમીનીટ ગેમ રમી આઇસ્ક્રીમ, દૂધની મજા માણી.

શનિવાર ૧૭ ઓગસ્ટના સંજય પ્રકાશ ભણસાલીના ઘરે વાસ્તુક પૂજા ભણાવેલ. પૂજા પછી મંડળને જમવાનું રાખેલ.

૧૮ ઓગસ્ટ રવિવારના તારાબેન લોડાયાના જન્મદિન નિમિતે ભાગ્યવર્ધન દેરાસરમાં પૂજા ભણાવેલ. ભાવના મંડળને જમવાનું આમંત્રણ આપેલ. મંડળના બેનો તરફથી શ્રીમતી તારાબેન લોડાયાને ''ફૂલનોબૂકે'' આપ્યું.

મુનિમજી તરફથી સોમવાર ૨૬ ઓગસ્ટના દેરાસરમાં પંચકલ્યાણ પૂજા ભણાવેલ. બધા મંડળને જમણસહ આમંત્રણ આપેલ.

મંડળ બહારગામના પણ આમંત્રણ સ્વીકારી છે.

## જબલપુરમાં શાનદાર ચાતુર્માસ ધર્મોત્સવ

જબલપુર શ્રી કચ્છી જૈન સમાજના આંગણે વરસોના ઈતિહાસમાં સૌપ્રથમવાર પૂ. મુનિરાજશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. મુનિશ્રી રાજશેખરસાગરજી, મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા. ઠા-૩ની નિશ્રામાં ચાતુર્માસ ધર્મોત્સવે સકલ શ્રી સંઘ સાથે મળી અનેકવિધ ધર્મ આરાધનામાં જોડાઇ રહ્યો છે. પૂજ્યશ્રીના પ્રવચનોમાં ભાવિકો લાભ લે છે.

વિરાટ, નવકાર ભવ્ય જાપ સહિત નવકાર લબ્ધિ કુંભ સમક્ષ ઘણાં ભાવિકો નવકારના જાપ કરી રહ્યા છે. હમણાં સુધી ૪ અઠ્ઠાઇ તથા ૧૫૦૦ થી અધિક આયંબીલ થયા. બાળકોની શિબિર તથા અષ્ટપ્રકારી પૂજાની રંગત જામી છે. સંઘના નાના-મોટા યુવાનોમાં અનેરો ઉત્સાહ છે.

શ્રી સંઘ ૧૦ વર્ષથી જેના સ્વપ્ન પૂર્ણ કરવા અથાગ પ્રયત્ન કરી રહ્યો હતો તે પૂજ્યશ્રીના ચાતુર્માસે પૂર્ણ થશે. મુનિસુવ્રતસ્વામીના ભવ્ય શિખરબધ્ધ જિનાલયની ચાતુર્માસ પૂર્ણાહૂતિએ પાયાવિધિ થશે. ભારતભરના સમસ્ત અચલગચ્છીય સંઘઓને મહાપર્વ બાદ ચૈત્યપરિપાટી રૂપે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

જબલપૂરમાં તીર્થ તૂલ્ય ભવ્ય જિમંદિરો છે. ચાતુર્માસ સ્થળે ઉતરવાની તથા ભોજનની ઉત્તમ વ્યવસ્થા છે. પેઢી સંપર્ક : ભરતભાઇ - ૦૯૪૪૨૫૩૨૩૭૯૬.

## વારાપધર-લાલકા પરિવારની પહેડી

વારાપધરમાં કુળદેવી ચામુંડા માતાજીને નમતા લાલકા પરિવારની સમુહપેડી દાતા માતુશ્રી ગુણવંતીબાઇ કાનજી લાલકા હસ્તે છાયાબેન રાકેશ (વડોદરા) તરફથી કારતક સુદ પૂનમ ૧૭.૧૧.૧૩નાં યોજાશે. રહેવાની તપ જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સર્વ ભાવિકો તેવા નીયાણીબેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ અપાયું છે.

**નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રમેશ હીરજી લોડાયા** | રો હાઉસ નં.ડી-૬, ચંદ્રેશવીલા લોઢા હવન, કલ્યાણશીલ રોડ, ડોંબિવલી (ઇ), ફોન : 9820955141/9146510054 |
| **કિરીટ હંસરાજ ડાઘા** | ૩૦૩, ત્રિશલા, બી.કે. રોડ, રાજા ઇન્ડી. એસ્ટેટની બાજુમાં મુલુન્ડ (વે), મુંબઇ-૮૦. ફોન : 25677541 |
| **ગુલાબ લક્ષ્મીચંદ નાગડા** | ૩૦૪, સિલ્વર ઓપેલ અપા. ફાતિમા સ્કૂલની પાસે, પેટ્રોલ પંપ પાછળ, કેશવાપુર, હુબલી |
| **જયંત પ્રેમજી શિયાળ (શાહ)** | ૩૦૮, ૧લે માળે, ૧૭ ક્રોસ, બ્લોક-૨, આર.ટી. નગર, બેંગ્લોર-૫૬૦૦૩૨ ફોન : 080-23439407 |
| **કલ્પના શાંતિલાલ લોડાયા** | ૧૧૬, ઓકાર સોસાયટી, મોરાજી સર્કલ, મુ.પો. વાપી, ગુજરાતી સ્ટેટ ફોન : 8154922251 |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૮.૧૩ | લિવરપૂલ | TRKNO22204 | મિલી-લુસીયા/ગૌરવ સુરેન્દ્ર ખોના | તેરા | કન્યા |

**સગપણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦.૮.૧૩ | વિરાર | BHDD04403 | જીગ્નેશ હિંમતલાલ ધનજી દંડ | ભરૂડીયા | ૨૯ |
| | ડોંબિવલી | KBL0101304 | હીરલ મહેન્દ્ર માલશી લોડાયા | મો.ખાવડી | ૨૯ |

**આંતરજ્ઞાતિય સગપણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪.૮.૧૩ | અમદાવાદ | SDKN020704 | આરતી લલિત રાયચંદ ખોના | સાંધવ | ૨૭ |
| | મુંબઇ | A | ભાવિન મનસુખલાલ મોતીલાલ શાહ | માંડવી | ૩૦ |

**ભૂલસુધાર : અંક નં.૩૬માં આંતરજ્ઞાતિય સગપણમાં છપાયેલ વિગત આંતરજ્ઞાતિય લગ્નની હતી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮.૮.૧૩ | હુબલી | A | સારંગ મુકેશ વીશનજી ઠક્કર | કુંભારીયા | ૨૭ |
| | ઘાટકોપર | LLMA031104 | અમી જીતેન્દ્ર હિરાચંદ મૈશેરી | લાલા | ૨૫ |

**લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૭.૧૩ | સાલેન | KUMT020805 | દીપેન રાયચંદ માલશી મોતા | કુવાપધર | ૨૯ |
| | હુબલી | NLKN090303 | પ્રિયંકા કમલેશ ખેતશી ખોના | નલીયા | ૨૩ |
| ૨૭.૮.૧૩ | ડોંબિવલી | DMA011002 | તિલક પાનાચંદ મૈશેરી | માંડવી | ૬૧ |
| | ઘાટકોપર | SUDH01102 | કલ્પના રાયચંદ ધરમશી | સુથરી | ૫૪ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૦૯.૧૩ | કલ્યાણ | SDDD020801 | રમીલા હીરજી લાલજી દંડ | સાંધવ | ૭૬ |

## World Jain Confederation : Felicitation of Jain Educationists

World Jain Confederation (WIC) is a forum for all Jains formed to promote understanding and amity between communities of diferent faith/religious traditions of the world. WJC was inaugu rated by the then Prime Minister, Shri Atal Bihari Bajpeyi on 8th April 2001, on the occasion of 2600th Janam Kalyanak of Bhagwan Mahavri, with the aims to propagate 3 tenets of Bhagwan Mahavir-Ahimsa, Anekant and Aparigraha.

It is proposed to hold an All India Felicitation Function on Sunday the 15th December, 2013, at Veer Savarkar memorial Centre Hall, Shivaji Park, Dadar (W), Mumbai - 400 028. for Eminent Jain Educationists, who have been in the field of imparting education personally or engaged in Scientific Research in India for at least 15 years. The nominations may be sent to our office by 30th September, 2013 through post or by email at worldjain@mtnl.net.in.

## પાસ થયા - હાર્દિક અભિનંદન



**આલોક અશ્વિન દંડ**
વડાલા-દલતુંગી
B.Tech (Aerospace) 74.5%



**કુણાલ તીલક દેવશી ડાઘા**
માંડવી-ગોએરસમા
B.E. Mech. 81%
6th Semister



**નીરાલી કાંતીલાલ નાગડા**
ભાંડુપ
C.A. Final

## MICCHAMI DUKKADAM

***"If I have caused you offence in any way, knowingly or unkowingly, in thought, word or deed, then I seek your forgiveness"***





**From :**

***Dhanpal Meghji Dand & Family***
***Anand Parivar, Kutch, Tera***

## લોડાયા અને મોમાયા પરિવારનું ગૌરવ

**હાર્દિક અભિનંદન**



### ચિ.ભૂમિ નિરંજન લોડાયા

ચિ.ભૂમિએ એમ.બી.એ. (બેન્કીગ અને ફાઇનાન્સ) **7.99 CPI** થી પાસ કરી. એક્સીસ બેન્કમાં ઓફિસર તરીકે જોડાયા છે એ બદલ ખુબ ખુબ અભિનંદન. કારકિર્દીમાં ખુબ ખુબ આગળ વધો એવી હાર્દિક શુભેચ્છા....

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદા | : | નરશી ખેતશી લોડાયા (અંજાર) |
| નાની-નાના | : | જયાબેન પદમશી મોમાયા (ભોપાલ) |
| મમ્મી-પપ્પા | : | દિપ્તી નિરંજન લોડાયા (અંજાર) |
| કાકા-કાકી | : | નમ્રતા સંજય લોડાયા (અંજાર) |
| | | લીના રોહિત લોડાયા (અંજાર) |
| ફઇ-ફુવા | : | નીતા ઉદય નાગડા (અંતરજાળ) |
| મામી-મામા | : | ચંદ્રીકા રાજેશ મોમાયા (દોહા) |

## લોડાયા તથા વિકમશી પરિવારનું ગૌરવ



### ચિ. ચિરાગ દિનેશ લોડાયા - C.A. (7.6.1991) (બારોઇ-જલગામ)

**C.A. Final**માં ઉતીર્ણ થઇ પરિવારનું ગૌરવ વધારેલ છે. તે સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદાણાં | : | ગં.સ્વ. તારાબેન કુલીનકાંત લોડાયા (જલગામ) |
| નાનાણાં | : | સ્વ.અ.સૌ. દેવકુંવરબેન લક્ષ્મીચંદ વિકમશી (સાંગલી) |
| મોટા મમ્મી-પપ્પા | : | સૌ. ભારતી ભરત લોડાયા (જલગામ) |
| મમ્મી-પપ્પા | : | સૌ. ભાવના દિનેશ લોડાયા (જલગામ) |
| ફઇ-ફૂવા | : | સૌ. જયશ્રી દીપક લાપસીયા (નાંદેડ) |
| મામી-મામા | : | સૌ. અલ્પા હીરેન વિકમશી (સાંગલી) |
| માસી-માસા | : | સૌ. કલ્પના હર્ષદ દંડ (મુંબઇ) |
| | | સૌ. દક્ષા કેતન મોતા (મુંબઇ) |
| ભાભી-ભાઇ | : | સૌ. નૂતન રવિશ લોડાયા |
| ભત્રીજી | : | અવધિ |
| ભાઇ-બહેન | : | કુશલ, રિયા, નેહા, કરણ, ધારા, ઉર્મી, ખુશ્બુ, તૃષા, ગ્રીષ્મા, દિશા, બીનલ, કુશલ |

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 1day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ૨૧ ઉપવાસ નિમિત્તે અનુમોદના...

ધન્ય
તમારી
તપશ્ચર્યા...



સ્વીકારો
અમારી
અનુમોદના....

## અ.સૌ. અલ્પા ચેતન લોડાયા (સાંધવ-મુલુન્ડ)

ધર્મ સહિત વ્યક્તિત્વ, સંસારમાં સૌને પમાડો શાતા
આત્મકલ્યાણ કાજે કર્યા તપશ્ચર્યાના સંકલ્પ જોરાતા
દેવ-ગુરૂ પસાયે સંકલ્પ પૂર્ણ થયા... જીવનમાં વધી સંતોષની માત્રા
સાદર અનુમોદના કરીએ ભાવ આવતા રહે ચઢીયાતા...

| | | |
|---|---|---|
| સાસુ-સસરા | : | અ.સૌ. કલાબેન દિનેશ રામજી લોડાયા (સાંધવ) |
| માતા-પિતા | : | અ.સૌ. તારાબેન માણેકજી કુંવરજી દંડ (સુથરી) |
| પતિ | : | ચેતન દિનેશ રામજી લોડાયા (સાંધવ) |
| પુત્ર-પુત્રી | : | દર્શના, ગૌરવ |
| નણંદ-નણદોઇ | : | પલ્લવી ધીરેન ખોના (નલીયા) • કવિતા પુનમચંદ દંડ (વરાડીયા) |
| ભાઇ-ભાભી | : | રૂપાલી ભાવેશ દંડ (સુથરી) • શિલ્પા વિશાલ દંડ (સુથરી) |
| ભાણેજ-ભાણેજી | : | ભવ્ય, ગૌતમ, જીનલ |
| ભત્રીજો-ભત્રીજી | : | મીત, મનશીકા, મોક્ષ |

**શ્રીફળ પ્રથા બંધ છે**

માતુશ્રી ગંગાબાઇ રામજી મેઘજી લોડાયા (સાંધવ) પરિવાર
માતુશ્રી મણીબાઇ ત્રીકમજી ખીમજી દંડ (બાયઠ) પરિવાર
માતુશ્રી મમીબાઇ કુંવરજી નરશી દંડ (સુથરી) પરિવાર

**સંવત્સરી નિમિત્તે મને વચને કાયાએ મિચ્છા મિ દુક્કડમ્**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**